## ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ(GCERT), ગાંધીનગર

## (ધોરણ 6 પ્રવેશ પરીક્ષા માટે) ગુજરાતી - પ્રશ્નબેંક

1) અલગ પડતો શબ્દ શોધો.

(A) ખાવું (B) ઊડવું (C) ઉધારો (D) ડુંગર ટપવો

ફકરો વાંચીને પ્રશ્નોના જવાબ આપો.

"ફિયોના ઓ ફિયોના !" ખાસ એની સંભાળ માટે રાખવામાં આવેલ આધેડ વયની આયાની આવી બૂમ સાંભળી ફિયોનાને કપાળે કરચલી પડતી. સમયપત્રક મુજબ નાહવું, ધોવું, ખાવું-પીવું, દિવસમાં બે વાર કપડાં બદલવાં વગેરે કર્મકાંડથી એ વાજ આવી ગઈ હતી. બપોર આખી ફિયોનાને ફરજિયાત પોતાના ઓરડામાં ભરાઈ રેહવું પડતું. મોટા પલંગમાં એ પાસાં ઘસતી પડી રેહતી. પવનની લેહરખી સાથે એનેય બહાર દોડી જવાનું મન થતું. પણ સામે પેહરેગીર સમી આયા છાપાં ઉથલાવતી બેઠી જ હોયને! પણ એક દિવસ આયાને ઝોકું આવી ગયું અને ફિયોના ચોરપગલે ઘરની બહાર નીકળી ગઈ.

2) "ફિયોના ઓ ફિયોના! સાંભળીને ફિયોનાના મનમાં કયો ભાવ આવતો?

(A) દુઃખ (B) નિરાશા (C) ગમગીની (D) ગુસ્સો

3) પેહરેગીર સમી એટલે.........

(A) પહેરેગીર (B) પહેરેગીર જેવી (C) પહેરેગીર તણી (D) પહેરેગીરની

4) નીચેનામાંથી કયો શબ્દ બે શબ્દોમાંથી બનેલો નથી?

(A) ફરજિયાત (B) સમયપત્રક (C) નામનિશાન (D) ચોરપગલે

5) આખો દિવસ મોબાઇલમાં ગેમ રમ્યા કરવાની આદતને કારણે રાહુલનીમમ્મી તેનાથી કંટાળી ગઈ હતી. (લીટી દોરેલા શબ્દને સ્થાને એના જેવો અર્થ દર્શાવતો રૂઢિપ્રયોગ જણાવો.)

(A) કપાળે કરચલી પડી ગઈ હતી. (C) હેબતાઇ ગઈ હતી.

(B) વાજ આવી ગઈ હતી. (D) દોડી આવી હતી.

(6) જવાબના આધારે યોગ્ય પ્રશ્ન શબ્દ શોધો.
પ્રશ્ન - પવનની લહેરખી સાથે................ બહાર દોડી જવાનું મન થતું? જવાબ- ફિયોનાને

(A) કોણ (B) કોને (C) કોણે (D કેમ

(7) સરખા અર્થ દર્શાવતા શબ્દોમાંથી અલગ પડતું શબ્દ જૂથ જણાવો.

(A) પર્વત, વાવ, નદી (C) રિશેષ, રજા, લેસન

(B) શાળા, વર્ગખંડ, શિક્ષક (D) પુસ્તક ,ચોપડી ,નોટબુક

ફકરો વાંચીને પ્રશ્નોના ઉત્તર આપો.

અને બધા નીચે આવ્યા. ફિયોના તો ગભરાઈ ગઈ હતી. પણ આશ્ચર્ય! માના મોંઢા પર ગુસ્સાનું નામ નિશાન નહોતું. ઊલટાનું તેણે તો છોકરાંવને ખાવા બેસવાનું કહ્યું.

“બા“ ફિયોનાનેય સાથે બેસાડીએ?”

“હા, હા, બેસાડને!” અને ત્રણેય નાચવા લાગી. ફિયોના પણ સાથે ઠેકડા મારવા લાગી અને એક જ થાળીમાં ચારેય સહેલીઓએ મસ્તી-તોફાન કરતાં કરતાં ખાધું. ઘેર ચાંદીની થાળીમાં પંચપકવાન ખાઈને કંટાળેલી ફિયોનાને આ બહુ ભાવ્યું.

(8) સમયપત્રક, રામકહાણી જેવા બે શબ્દોથી બનેલો શબ્દ જેનો અર્થ પાંચ પ્રકારની વાનગીઓ દર્શાવતો શબ્દ કયો છે?

(A) નામનિશાન (B) પંચપકવાન (C) મસ્તી-તોફાન (D) ત્રણેય

(9) ફિયોનાને નવાઈ લાગી કારણ કે............................

(A) માએ ફીયોનાને જમવા બેસાડવાની હા પાડી હતી.
(B) ત્રણેય છોકરીઓ નાચવા લાગી હતી.
(C) માના મોંઢા પર સહેજ પણ ગુસ્સો ન હતો
(D) ચારેય સહેલીઓએ એક જ થાળીમાં ખાધું હતું

(10) ઘેર ચાંદીની થાળીમાં પંચપકવાન જમતી વખતે ફિયોના શું અનુભવતી હતી?

(A) આનંદ (B) ગુસ્સો (C) કંટાળો (D) ઉદાસી

નીચેનો ફકરો વાંચીને પ્રશ્નોના જવાબ આપો.

આચાર્યે તો વર્ગમાં આવતાંવેંત પ્રશ્નોનો પહાડ કરી દીધો. ટેબલ પર આ માપપટ્ટી કોની છે? કોણ છે આ ભૂલકકડ? મનીષ, તારો કંપાસ જોઈ જો લે તો ! અને જાગૃતિ પાસેથી વાર્તાની ચોપડી કોણે લીધી હતી? પાછી આપી દેજો એને. આ શનિવારે શાની હરીફાઈ છે તે તો યાદ છે ને? હા, રંગોળીની. તેમાં કોને કોને ભાગ લેવો છે? રિશેષમાં નામ લખાવી દેજો ભૂલ્યા વગર, અને તમે રંગોળી શાના વડે પૂરવાના છો એ પણ લખાવી દેજો. અરે! હમણાં મૂકો એ બધું. પહેલાં એમ તો કહો, શાનો તાસ છે આ? વિદ્યાર્થીઓએ કહ્યું, “ગુજરાતીનો”.

(11) શનિવારે શાળામાં કઈ સ્પર્ધા યોજાવાની છે?

(A) વાર્તા (B) રંગપૂરણી (C) રંગોળી (D) ચિત્ર

12) તેમાં કોને - કોને ભાગ લેવો છે? આ વાક્યને બીજી રીતે લખતા તેમાં................ ભાગ લેવાનું છે? (કયા સર્વનામોનો ઉપયોગ ખાલી જગ્યામાં કરશો?)

(A) કોણે –કોણે (B) કોણ – કોણ (C) કયો –કયો (D) કોનો –કોનો

13) આચાર્યશ્રીએ મનીષને કંપાસ જોઈ લેવાનું કહ્યું. કારણ કે.....................

(A) <u>ટેબલ પર પડેલી માપપટ્ટી મનીષની તો નથી ને? એની ખાતરી કરવા માટે.</u>

(B) મનીષ ભુલક્કડ છે એટલા માટે.

(C) આચાર્યશ્રીને કંપાસની જરૂર હતી માટે.

(D) મનીષના કંપાસમાં પેન્સિલ રંગો છે કે નહિ તે જોવા માટે.

14) પ્રશ્ન જવાબની સાચી જોડણી જણાવો.

(A) <u>કોણ –કોણ – હું, અમે, મનીષ, જાગૃતિ</u>
(C) કોનું –કોનું - મારું, અમે, મનીષ, જાગૃતિ
(B) કોને –કોને - હું, મારે, મનીષ, જાગૃતિ
(D) કોણે –કોણે - હું, મેં, અમે, મનીષ, જાગૃતિ

15) નીચેનો ફકરો વાંચીને પ્રશ્નો ના જવાબ આપો.

શાળાઓ કે ઓફીસોમાં કામ કરતાં લોકો રાણીબાને મીઠી ફરિયાદ કરે, "સમયસર આવતા હો તો! "મનેય વર્ષારાણી ગમે છે. તેમની સાથે નીકળી આવતા જીવજંતુ જોવા હું ખિસ્સામાં બિલોરી કાચ રાખું. ધીમો, મધ્યમ કે મુશળધાર વરસાદના અવાજને કાન દઈને સાંભળ્યા કરું, જાણે કે તબલા પર જુદી જુદી થાપ! અને વરસાદમાં નહાવાનું તો શેં ચૂકાય?

મને તો આ રાણીબા ઘણાં વહાલાં છે.

મીઠી ફરિયાદ એટલે.........

(A) ઝઘડો
(B) <u>પ્રેમ ભર્યો ઠપકો</u>
(C) ગુસ્સો
(D) ઈર્ષા

16) કોને તબલાની જુદી- જુદી થાપ સાથે સરખાવવામાં આવ્યું છે?

(A) વરસાદની ધારને
(C) <u>વરસાદના અવાજને</u>
(B) વરસાદના પાણીને
(D) વર્ષા રાણીને

17) સાચી જોડ ઓળખી બતાવો.

(A) <u>વર્ષા - વરસાદ , વાવાઝોડું ,જીવજંતુઓ</u>
(C) શિયાળો - માવઠું ,ગરમી ,જીવજંતુઓ
(B) ઉનાળો - પવન, વરસાદ, જીવજંતુઓ
(D) પાનખર - ભારે પવન, વરસાદ, જીવજંતુઓ

18) તળેટી શબ્દનો વિરોધી શબ્દ કયો છે?

(A) <u>શિખર</u>
(B) પરિક્રમા
(C) પર્વત
(D) ગગન

સાચી જોડણી દર્શાવતો શબ્દ શોધો.

19) (A) મહાશીવરાત્રી
(B) મહાશિવરાત્રિ
(C) <u>મહાશિવરાત્રી</u>
(D) મહા શિવરાત્રી

20) મૃગીકુંડ ક્યાં આવેલો છે?

(A) જૂનાગઢ
(C) ગીરનારની તળેટી પર
(B) ગીરનાર પર
(D) <u>ગીરનારની તળેટીની બહાર</u>

21) કૌતુક થવું એટલે?

(A) તુક્કો સુઝવો (B) તક મળવી (C) કુતૂહલ થવું (D) સાહસ થવું

22) મમ્મી સાથે હોય પછી તો પર્વત હોય કે જંગલ કશું જ પાર કરવું તેને માટે ક્યાં અઘરૂં હતું!( લીટી દોરેલા શબ્દને સ્થાને તેના જેવો અર્થ ધરાવતા શબ્દો શોધો.)

(A) ડુંગર, વન (B) વગડો, ગઢ (C) હિમાલય, અરણ્ય (D) કિલ્લો, રાન

23) નીચેના વાક્યોમાંથી કયા વાક્યોમાં વગડાઉ પ્રાણીઓનો ઉલ્લેખ થયેલો છે?

(1) હાથીઓનું આખું ઝૂંડ જંગલમાંથી પસાર થયું.

(2) રમેશ ઊંટગાડીમાં બેસીને મેળામાં ગયો.

(3) વગડામાં કાગડાઓની સભા ભરવામાં આવી.

(4) સિંહ જંગલનો રાજા છે.

(A) 1 અને 4 (B) 2 અને 4 (C) 3 અને 4 (D) 2 અને 3

24) સાચું વાક્ય શોધો

(A) સાથે આપણી મમ્મી–પપ્પા કોનાં કોનાં આવવાના છે?

(B) કોના પપ્પા કોના મમ્મી આવવાનાં છે સાથે આપણી?

(C) કોના કોના મમ્મી-પપ્પા આપણી સાથે આવવાના છે?

(D) આવવાના છે કોનાં કોનાં મમ્મી-પપ્પા આપણી સાથે?

25) નિરાલી એકીટશે ગાયના વાછરડાને જોતી હતી.[લીટી દોરેલા શબ્દના સ્થાને બંધબેસતો શબ્દ ઓળખાવો.]

(A) એક જ આંખે (B) ટગર ટગર (C) નીરખીને (D) નજર ફેરવીને

26) સાચું વાક્ય ઓળખો

(A) મેં મીરાંને સફજન આપું છું.

(B) હું મીરાંને સફજન આપું છું.

(C) હું મીરાંને સફરજન આપતો છું.

(D) મેં મીરાંને સફરજન આપતો છું.

| | |
|---|---|
| 27) | નીચેનો ફકરો વાંચીને પ્રશ્નોના જવાબ આપો.<br>આશરે એંશી વરસ પહેલાંની આ વાત છે. રાજકોટથી રીબડા સ્ટેશને ઊતરીને કોટડા સાંગણી જતાં વચમાં અરડોઇ ગામ આવે છે. અરડોઈથી રસ્તો દક્ષિણે થઈ પૂર્વ દિશામાં કોટડા તરફ વળે છે. એ વળાંક પર આજે પુષ્કળ ઝાડ છે, ત્યારે એ વળાંકને રસ્તા ઉજ્જડ હતા: રસ્તા પર એકેય ઝાડ ન હતું. એ વળાંકની દક્ષિણે ચારેક ખેતરવા દૂર સામા પટેલનું એક ખેતર હતું. સામા પટેલ વૃદ્ધ થયા ત્યારે તેમણે રસ્તાના વળાંક પર એક વડલોને પાંચ-છ પીપળ વાવી. પોતાના ખેતરની કૂઈએથી જાતે પાણી ભરી લાવીને પાય. કોઈ પૂછે કે આ શું કરો" છો? તો કહેતા કે સીમમાં વસતી કરું છું.<br>ચારેક ખેતરવા દૂર એટલે.........<br>(A) ચાર ખેતર પછી દૂર (C) <u>ચાર ખેતર જેટલું દૂર</u><br>(B) ચાર ખેતર જેવું દૂર (D) ચાર ખેતર પેહલા |
| 28) | અરડોઈથી રસ્તો દક્ષિણે થઇ પૂર્વ દિશામાં કોટડા તરફ વળે છે તો કોટડાથી અરડોઈ જવા માટે કઈ દિશામાં જશો?<br>(A) ઉત્તર પશ્ચિમ (B) <u>પશ્ચિમ, ઉત્તર</u> (C) પૂર્વ,દક્ષિણ (D) ઉત્તર,પૂર્વ |
| 29) | લીમડો : લીમડી , પીપળો : પીપળી ,તો કૂવો :............?<br>(A) કુવી (B) વાવ (C) <u>કુઈ</u> (D) તળાવ |
| 30) | સીમમાં વસતી કરું છું એટલે............<br>(A) સીમમાં રહું છું. (C) સીમમાં લોકોને વસાવું છું.<br>(B) સીમમાં ઝાડ વાવું છું. (D) <u>સીમમાં ઝાડ ઉછેરું છું.</u> |
| 31) | મબલક, અઢળક જેવો અર્થ ધરાવતો શબ્દશોધો.<br>(A) ઘણા બધા (B) ખૂબ જ (C) <u>પુષ્કળ</u> (D) ઢગલે ઢગલા |
| 32) | સૂની સીમ, વેરણ વગડો, તો..............રસ્તા [યોગ્ય શબ્દ શોધો. ]<br>(A) કાચા (B) ધૂળિયા (C) વાંકાચૂંકા (D) <u>ઉજ્જડ</u> |
| 33) | એ વળાંકની દક્ષિણે ચારેક ખેતરવા દૂર સામા પટેલનું એક ખેતર હતું. આ વાકયમાં વળાંકથી કેટલું દૂર જવાની વાત છે?<br>(A) એક ખેતર જેટલું દૂર (C) એક ખેતરથી દૂર<br>(B) ચાર ખેતરથી દૂર (D) <u>ચાર ખેતર જેટલું દૂર</u> |
| 34) | સામા પટેલના ખેતરથી વળાંક કઈ દિશામાં આવે?<br>(A) પૂર્વ (B) પશ્ચિમ (C) <u>ઉત્તર</u> (D) દક્ષિણ |

| | | | | |
|---|---|---|---|---|
| 35) | એક વડલો ને પાંચ –છ પીપળ એટલે.......... | | | |
| | (A) એક વડલો ને પાંચ પીપળ | | (C) એક વડલો ને પાંચ કે છ પીપળ | |
| | (B) એક વડલો ને છ પીપળ | | (D) એક વડલો ને પાંચ અને છ પીપળ | |
| 36) | ઝાડના બે સાચા પર્યાય શબ્દો શોધો. | | | |
| | (A) વૃક્ષ ,તરુ | (B) વૃક્ષ,વેલ | (C) તરુ, વેલ | (D) છોડ,તરુ |
| 37) | ઝાડ નીચે ટીમણ કર્યા છે. તેનો અર્થ....... | | | |
| | (A) ઝાડ નીચે રમત કરી છે. | | (C) ઝાડ નીચે જમણ કર્યું છે. | |
| | (B) ઝાડ નીચે આરામ કર્યો છે. | | (D) ઝાડ નીચે પ્રણામ કર્યાં છે. | |
| | નીચેનોફકરોવાંચીનેપ્રશ્નોનાજવાબઆપો.<br>વર્ષાઋતુ એટલે ઋતુઓની રાણી. રાણીબા પધારવાના હોય ત્યારે બધાં ઝાડવાં અદબ લગાવી ઊભા રહી જાય, વાદળો ઢોલ નગારાં વગાડે. કોઈકવાર ઇન્દ્રધનુષ્ય કમાન થઈ ઊભું રહે અને સૂરજ પોતે વાદળાંની પાછળ જતો રહે. આકાશ પણ તેમની સાથે સેલ્ફી લે, જેનો ફ્લેશ આપણને છેક નીચે દેખાય. ધરતી તો આ જૂની બહેનપણીના આવતાં જ ખુશખુશાલ થઈ જાય અને સુગંધ-પરફ્યુમ લગાવી તૈયાર થઈ જાય. તે છેક નવરાત્રી સુધી બેઉ બહેનપણીઓ તોફાનમસ્તી કરતી રહે. ધરતીનાં તળાવ, કૂવા, નદી નાળાં પણ છલકાઈ ઊઠે. | | | |
| 38) | વાદળો ઢોલ નગારાં વગાડે એટલે........ | | | |
| | (A) વાદળો દોડાદોડી કરે. | | (C) વાદળો એકબીજા સાથે અથડાય. | |
| | (B) વર્ષાઋતુમાં વાદળો ગાજે | | (D) વાદળો પાણી ભરી ભરીને આવે. | |
| 39) | ધરતીની જૂનીબહેનપણી કોણ છે? | | | |
| | (A) નવરાત્રી | (B) વર્ષા | (C) વર્ષાઋતુ | (D) વરસાદ |
| 40) | સરખા અર્થ ધરાવતા બે શબ્દોથી બનેલો એક શબ્દ શોધો. | | | |
| | (A) નદીનાળાં | (B) સુગંધ-પરફ્યુમ | (C) તોફાન મસ્તી | (D) ખુશખુશાલ |
| 41) | ઇન્દ્રધનુષ્યમાં કેટલા રંગો હોય છે? | | | |
| | (A) ત્રણ | (B) ચાર | (C) પાંચ | (D) સાત |
| 42) | ઋતુઓની રાણી કોણ છે? | | | |
| | (A) ઉનાળો | (B) શિયાળો | (C) ચોમાસું | (D) સાંજ |
| 43) | ઇન્દ્રધનુષ્યનું બીજું નામ શું છે? | | | |
| | (A) શિવધનુષ્ય | (B) ગાંડીવ | (C) રામ બાણ | (D) મેઘધનુષ્ય |

| | |
|---|---|
| 44) | ઉપરવાસમાં પડેલા ભારે વરસાદને લીધે 'સરદાર સરોવર' ડેમ છલોછલ થઇ ગયો છે. [આ વાક્યમાં ઉપરવાસ એટલે..........]<br>(A) ઉપરવાસ નામનો પ્રદેશ<br>(B) નદીનું વહેણ જે તરફથી આવતું હોય તે પ્રદેશ<br>(C) જે તરફથી વરસાદ આવતો હોય તે દિશા<br>(D) નર્મદા જીલ્લામાં આવેલો એક પ્રદેશ |
| 45) | સાચું વાક્ય શોધો.<br>(1) આજે મેં સફરજન ખાધું.<br>(2) આજે હું સફરજન ખાતો છું.<br>(3) આજે મેં સફરજન ખાતો છું<br>(4) આજે હું સફરજન ખાધું.<br>(A) 4 (B) 1 (C) 2 (D) 3 |
| 46) | સાચું વાક્ય શોધો.<br>(A) કાચબાથી આવી જલદી ન દોડાય<br>(B) કાચબાથી આવા જલદી ન દોડાય<br>(C) કાચબાથી આવું જલદી ન દોડાય.<br>(D) કાચબાથી આવો જલદી ન દોડાય. |
| 47) | હો રંગના ઓવારે, કે તેજના ફુવારે; અનંતના આરે, કે રંગ રંગ વાદળિયા. આ પંક્તિમાં સરખા અર્થ ધરાવતા બે શબ્દો કયા છે?<br>(A) ઓવારે, ફુવારે (B) ફુવારે, આરે (C) ઓવારે, આરે (D) અનંત, આરે |
| | ફકરો વાંચી ને જવાબ આપો<br>વૃક્ષો પર્યાવરણને શુદ્ધ બનાવવા માટે મહત્ત્વનો ભાગ ભજવે છે. વૃક્ષોને લીલું સોનુ કહેવામાં આવે છે. વૃક્ષોથી અનેક લાભો થાય છે. વૃક્ષના મૂળ દ્વારા પાણી જમીનમાં નીચે ઉતરે છે. જેથી, જમીનમાં ભેજનું પ્રમાણ જળવાઈ રહે છે. જેથી ખેતી સારી થઈ શકે છે. કૂવાઓમાં પાણીનું સ્તર પણ ઉચું આવે છે. વૃક્ષોના મૂળ જમીનમાં ફેલાઈને માટીના કણોને જકડી રાખે છે. જેથી જમીનનું ધોવાણ થતું નથી તેની સાથે વનસ્પતિના પર્ણો વરસાદના ટીંપાનો વેગ ઘટાડીને જમીનના ફળદ્રુપ સ્તરનું ધોવાણ અટકાવે છે. આ ઉપરાંત વૃક્ષો પક્ષીઓ અને પ્રાણીઓનું રહેઠાણ પણ છે. |
| 48) | વૃક્ષોને લીલું સોનું કહેવામાં આવે છે કારણ કે.......<br>(A) વૃક્ષો પર્યાવરણને શુદ્ધ બનાવે છે.<br>(B) કૂવાઓમાં પાણીનું સ્તર પણ ઊંચું આવે છે<br>(C) વૃક્ષો વરસાદના પાણીને જમીનમાં ઉતારે છે<br>(D) ઉપરનાં તમામ કારણોને લીધે. |

49) વૃક્ષોથી જમીનનું ધોવાણ અટકે છે કારણ કે

(A) વૃક્ષો પાણીને જમીનમાં ઉતારે છે.

(B) વૃક્ષોના મૂળ જમીનમાં ફેલાઈને માટીના કણોને જકડી રાખે છે.

(C) વનસ્પતિના પર્ણો વરસાદના ટીપાંનો વેગ ઘટાડે છે.

(D) વૃક્ષો પર્યાવરણને શુદ્ધ બનાવે છે.

50) વૃક્ષોનાં પર્ણો.............

(A) લીલું સોનું કહેવાય છે.

(B) ખેતીને સારી બનાવે છે.

(C) જમીનના ફળદ્રુપ સ્તરનું ધોવાણ અટકાવે છે.

(D) જમીનના ધોવાણને અટકાવે છે.

51) કૂવાઓમાં પાણીનું સ્તર ઊંચું આવે છે કારણ કે..........

(A) વૃક્ષોનાં મૂળ દ્વારા પાણી જમીનમાં ઉતરે છે

(B) વૃક્ષોના મૂળ જમીનમાં ફેલાઈને માટીને જકડી રાખે છે

(C) વરસાદનું પાણી પડતાં કૂવો ભરાઈ જાય છે.

(D) ખેતી સારી થાય છે.

52) જમીનમાં ભેજનું પ્રમાણ જળવાઈ રહે છે કારણ કે....

(A) વરસાદ પડે છે.

(B) વૃક્ષો મૂળ દ્વારા વરસાદનું પાણી જમીનમાં ઉતારે છે.

(C) જમીનના ફળદ્રુપ સ્તરનું ધોવાણ અટકે છે

(D) વરસાદનું પાણી ખેતરમાં વહે છે.

53) સસલા અને કાચબા વચ્ચેની............માં કાચબો જીતી ગયો. યોગ્ય અર્થ ધરાવતો શબ્દ શોધો.

(A) દોડ (B) હરિફાઈ (C) ચાલ (D) કુસ્તી

54) હાલમાં ક્રિયા ચાલી રહી હોય તેવું વાક્ય શોધો.

(A) હું સુરત જઈ આવ્યો.

(B) રાજાએ હુકમ કર્યો.

(C) ટીના દોરડા કૂદે છે.

(D) હું પરીક્ષામાં પાસ થઈશ.

55) હવે પછી થવાની ક્રિયા દર્શાવતું વાક્ય શોધો.

(A) સંદીપ અમેરિકા જશે.

(B) તમે મારે ત્યાં આવ્યા હતા ને

(C) નિરાલી પાઠ વાંચે છે.

(D) તેના શર્ટમાં સુંદર ખીસ્સું છે.

56) ક્રિયા પૂરી થઈ ગઈ હોય તેવું વાક્ય શોધો.

(A) દિવ્યેશ ખૂબ જ મહેનતુ છે.

(B) ઘરનાં બધા સભ્યોએ જમી લીધું હતું

(C) બન્ને બહેનપણીઓ સાથે જ રમશે.

(D) શ્યામ શહેરમાં જશે.

| | |
|---|---|
| 57) | માહિતીને આધારે સાચા વાક્યો શોધો.<br>ભીમ એકસાથે વીસ,અર્જુન –યુધિષ્ઠિર પાંચ –પાંચ અને નકુલ સહદેવ બે-બે લાડવા ખાઈ શકે.<br>(1) પાંડવોમાં સૌથી વધુ લાડવા ભીમ ખાતો.<br>(2) અર્જુન કરતા સહદેવ ત્રણ લાડવા વધુ ખાતો.<br>(3) યુધિષ્ઠિર અને અર્જુન સરખા લાડવા ખાતા.<br>(4) સહદેવ અને નકુલ ભીમ કરતાં ઓછા લાડવા ખાતા.<br>(A) 1,2 અને 3 (B) 2,3 અને 4 (C) 1,3 અને 4 (D) બધા જ સાચા |
| 58) | માહિતીના આધારે સાચાં વાક્યો શોધો.<br>તુલસી અને બારમાસી સરખી ઉંચાઈનાં હોય છે.<br>ડમરો તુલસી કરતા ઉંચો હોય છે.<br>તે ત્રણેયમાં ડમરો સૌથી ઉંચો હોય છે.<br>(1 ) સૌથી ઉંચો ડમરો છે.<br>(2) ડમરો તુલસી કરતાં ઉંચો છે.<br>(3) બારમાસી ડમરા કરતાં નીચી ઉંચાઈની છે.<br>(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 1 અને 3 (D) 1,2 અને 3 |
| 59) | સાચો જવાબ આપો<br>1) છીંક –હાંક....છી...હાંક.....છી<br>2) ઉધરસ –ઉ....હું......ઉ....હું<br>3)હેડકી –હીક....હીક...........<br>4) નસકોરાં -.................<br>(A) ખૂ.......ખૂ....... (B) (C) ચ.....ર......ર (D) હું..........હું...... |
| 60) | જોડ શોધો.<br>1)બિલાડી - મ્યાઉં........મ્યાઉં<br>2)કુતરા - વાઉં...વાઉં<br>3) દેડકો -?<br>(A) કાઉ- કાઉ (B) ડ્રાઉં- ડ્રાઉં (C) દાઉ-દાઉ (D) બાઉ –બાઉ |
| 61) | સાચી શબ્દ જોડ શોધો<br>1 **દિન - દિવસ,** 2. રાત - સંધ્યા કાવ્ય - પાઠ રમત - જગત |

62) સાચા જોડકાં શોધો

| અ | બ |
|---|---|
| 1. રઢિયાળુ - | 1 કપાળ |
| 2. અભંગ - | 2 સુંદર |
| 3. ભાલ | 3 આખું |
| 4. હોડ - | 4 શરત |

| (A) | (B) | (C) | (D) |
|---|---|---|---|
| 1 – 2 | 1 -3 | 1 - 4 | 1 – 4 |
| 2- 3 | 2 -4 | 2 - 4 | 2 - 1 |
| 3 – 1 | 3- 2 | 3 - 2 | 3 - 2 |
| 4 – 4 | 4 - 1 | 4 -3 | 4 -3 |

64) કયા શબ્દ જૂથ વડે સાચું વાક્ય બને છે?

(A) ઘટાદાર ,નીચે ,વેપારી ,વૃક્ષ
(B) વૃક્ષ ,ઘટાદાર,નીચે ,બેઠો ,વેપારી
(C) બેઠો ,વેપારી ,ઘટાદાર ,નીચે
(D) વેપારી ,ઘટાદાર ,વૃક્ષ ,નીચે

65) ઉંધા માથે પડ્યો એટલે ?

(A) માથા ઉપર પડ્યો
(B) માથા ઉપરથી પડ્યો
(C) માથું જમીનને અથડાયું ને પડ્યો
(D) પડી જવું

66) સાચો અર્થ ધરાવતું વાક્ય શોધો.
પગ લાગે છે માથા જેવા ,માથું પગ જેવું

(A) પગ માથા જેવા લાગે છે, માથું પગ જેવું નથી.
(B) પગ અને માથા ના આકાર અને દેખાવ બંન્ને સરખા છે.
(C) તેના પગ ઉપર છે અને માથું નીચે રાખી ને ચાલે છે.
(D) પગ માથા જેવા નથી અને માથું પગ જેવું છે .

67) કોકિલાનો કંઠ એટલે.........

(A) કોકિલા નામની છોકરી
(B) કોકિલા નામની છોકરીનું ગળું
(C) કોયલનો મીઠો અવાજ
(D) કોયલનું ગળું

68) અલગ પડતું જૂથ શોધો.

(A) કારતક ,માગશર ,પોષ
(B) ફાગણ,ચૈત્ર ,વૈશાખ
(C) ચોમાસુ , ભાદરવો , આસો
(D) શિયાળો ,ઉનાળો ,ચોમાસું

69) દાઝવું એટલે..........

(A) ગરમ થઇ જવું
(B) સળગી જવું
(C) બળી જવું
(D) ગરમ વસ્તુને અડી જવું

| | | |
|---|---|---|
| 70) | ચીંધવું એટલે........<br>(A) ચિંતા કરવી (B) આંગળીથી બતાવું (C) ઈશારો કરવો (E) તીર તાકવું | |
| 71) | સાચું અર્થસભર વાક્ય શોધો.<br>(A) બગડી ગયેલા સફરજન અમારે ફંગોળી દેવા. પડ્યા<br>(B) કચરો હમેશા કચરા પેટીમાં ફંગોળવો જોઈએ.<br>(C) એણે તો સાપને પૂછડી પકડી દૂર ફંગોળી દીધો.<br>(D) સારિકાએ અભરાઈ પર થીવાસણ નીચે ફંગોળ્યા. | |
| 72) | ક્રિયાપદના બે ભાગ દર્શાવતું વાક્ય શોધો.<br>(A) પવનથી ડાળી ભાંગી. (C) પપ્પા સાયકલ લાવ્યા.<br>(B) રોહિતે બધા ફટાકડા ફોડી નાખ્યાં. (D) પરાગે દાખલો ગણ્યો. | |
| 73) | કૌંસમાં આપેલી ક્રિયાઓને ભેગી કરી વાક્ય પૂરું કરો.<br>આરવ અને અમન એવી તો વાસળી વગાડે કે સાંભળતા જ આપણે........[નાચવું +ઉઠવું ]<br>(A) ઉઠીને નાચીએ. (B) નાચીને ઉઠીએ. (C) ઉભા થઇને (E) નાચી ઉઠીએ. | |
| 74) | જોવું અને લેવું આ બે ક્રિયાઓને ભેગી કરીએ તો "સામનો કરવો" એવો અર્થ દર્શાવતો શબ્દ કયો?<br>(A) જોઈને લેવું (B) લઇને જોવું (C) જોવાનું લેવાનું (D) જોઈ લેવું | |
| 75) | પક્ડી રાખવું એટલે...........<br>(A) પકડીને મૂકી રાખવું (C) જીદ કરવી<br>(B) પકડીને રાખી મુકવું (D) પક્ડવું અને રાખવું | |
| 76) | ‘નિરાશ થવું ‘ અર્થ દર્શવતો સયુક્ત ક્રિયા વાળો શબ્દ કયો?<br>(A) પડી ભાગવું (B) પડી જવું (C) પડવું જવું (D) પાડી દેવું | |
| 77) | કાવ્ય પંક્તિ વાંચીને પ્રશ્નોના જવાબ આપો.<br>ડાંગરના ખેતરમાં તડકો<br>રોજ સવારે ઝૂલે ડાંગર થઇ ને<br>રોજ સવારે તડકો ઝૂલે શેઢા ઉપર<br>પીળાં પીળાં રાઈ તણા ફૂલ થઇને ખેતર માં<br>તડકો ઝૂલે એટલે..........<br>(A) ખેતરમાં તડકો હીંચકા ખાય. (C) ખેતરમાં તડકો ફેલાય.<br>(B) ખેતરમાં પાક સાથે તડકો લેહરાય. (D) ખેતરમાં તડકો દેખાય. | |

78) પીળાં પીળાં ફૂલ થઇને તડકો કયાં ઝૂલે છે?

(A) ખેતરમાં (B) ડાંગરમાં (C) ખેતરના શેઢા ઉપર (D) ફૂલો ઉપર

79) ખેતરનો શેઢો એટલે.........

(A) બે ખેતરની વચ્ચેનો હદ દર્શાવતો ખેડ્યા વગર નો પટ્ટો

(B) ખેતરને પાણી પાવા માટેની નીક

(C) ખેતરના ખૂણે લીમ્પેલી ખુલ્લી જગ્યા

(D) ખેતરની વાડનો પટ્ટો

80) ડાંગર – અનાજ તો રાઈ -........?

(A) કઠોળ (B) બીજ (C) તેલીબીયા (D) મસાલા

81) પીળા પીળા રાઈ તણા ફૂલ એટલે.........

(A) રાઈ જેવા પીળા પીળા ફૂલ

(B) રાઈના પીળા પીળા ફૂલ

(C) રાઈ જેવા પીળા પીળા ફૂલ

(D) રાઈ જેવા ડાંગરના પીળા પીળા ફૂલ

82) વાક્ય વાંચો અને યોગ્ય શબ્દ મૂકી પૂરું કરો.
દાખલો ગણતા પહેલાં રકમ ધ્યાનથી વાંચો અને ............તેની રીત વિચારો.

(A) ફરી (B) ફરીથી (C) પછી (D) બીજીવાર

83) મામાને ત્યાં ગયા રવિવારે ભલે ગયા હતા,આ રવિવારે.........જઈશું.

(A) ફરીથી (B) પછી (C) બીજીવાર (D) પછીથી

84) શુક –મેના એટલે.......

(A) શુક નામની મેના

(B) શુક નામનો પોપટ

(B) પોપટ અને મેના

(C) એક પક્ષી

85) પાણીથી સુરક્ષિત કરાયેલ એટલે વોટર પ્રૂફ તો આગથી સુરક્ષિત કરાયેલ એટલે?

(A) ફૂલ પ્રૂફ (B) સન પ્રૂફ (C) આગ પ્રૂફ (D) ફાયર પ્રૂફ

87) પરિવહનનો સમાનાર્થી શબ્દ શોધો

(A) વાહનવ્યહવાર (B) અવર-જવર (C) જાનમાલની હેરાફેરી (D) બધા જ

પંક્તિઓ વાંચીને નીચેના પ્રશ્નોના જવાબ આપો.

ડુંગરદાદાની દીકરી, રૂમઝૂમ કરતી નીસરી,
વાંકી ચૂંકી વહેતી જાય, વાંક વળાંક લેતી જાય.
ઢાળ પ્રમાણે ઢળતી જાય, આગળ આગળ ધપતી જાય
એકબીજાને મળતી જાય, વનવગડાને વીંધતી જાય.

88) અહીં કોના વિશે કહેવામાં આવ્યું છે?

(A) ઝરણું (B) ડુંગર (C) દીકરી (D) નદી

89) 'નીસરી ' એટલે......

(A) નિસરણી (B) ચાલતી (C) નીકળી (D) વહેતી

90) લાગુ પડતી ન હોય તેવી બાબત શોધો.

(A) નદીના પિતા ડુંગરદાદા છે.
(B) વળાંક આવે ત્યારે રોકાઈ જાય છે.
(C) તે બીજી નદીને મળતી જાય છે.
(D) તે વાંકીચૂંકી વહેતી જાય છે.

ફકરો વાંચીને જવાબ આપો.

નર રીંછને પોતાનાં નવજાત બચ્ચાં ઉપર સખત નફરત હોય છે. વસંતમાં માદા રીંછને વનમાં કોઈ એવી જગ્યાએ છૂપાઈ જવું પડે છે કે જ્યાં કુટુંબના વડાનો ભેટો થાય જ નહિ. બચ્ચાંને લઈને શિયાળો ગાળવા તે શરદમાં નોખું રહેઠાણ ગોતી લે છે. એક વાત જાણવા જેવી છે કે રીંછોમાં નર અને માદા દર બે વરસે જોડી બનાવીને બચ્ચાં પેદા કરે છે.

91) કઈ કઈ ઋતુઓની વાત છે?

(A) શિયાળો (B) ઉનાળો (C) ચોમાસું (D) ત્રણેય

92) વસંત ઋતુ કઈ મુખ્ય ઋતુમાં આવે છે?

(A) શિયાળો (B) ઉનાળો (C) ચોમાસું (D) ત્રણેય

93) શરદ ઋતુ કઈ મુખ્ય ઋતુમાં આવે છે?

(A) ઉનાળો
(B) શિયાળો
(C) ચોમાસું
(D) ત્રણેય

94) વસંતઋતુમાં માદા રીંછને વનમાં છૂપાઈ જવું પડે છે કારણકે.......

(A) માદા રીંછને ગરમી લાગે છે.
(B) નર રીંછથી બચ્ચાંને બચાવવા હોય છે.
(C) નર રીંછે બચ્ચાં અને માદા માટે ઘર બનાવ્યું હોય છે.
(D) બચ્ચાંને ગરમીથી બચાવવા માટે

95) તે શરદમાં નોખું રહેઠાણ ગોતી લે છે એટલે.....

(A) શરદ નોખું રહેવાનું બનાવે છે.
(B) શરદ જુદું રહેઠાણ બનાવે છે.
(C) શરદ ઋતુમાં અલગ રહેવાનું શોધી લે છે.
(D) શરદમાં રહેવાનું અલગ ઠેકાણું શોધી લે છે.

96) માદા રીંછ પોતાના બચ્ચાઓને નર રીંછથી બચાવીને રાખે છે. કારણ કે ……

(A) નર અને માદા રીંછ દર બે વરસે બચ્ચાં પેદા કરે છે.

(B) માદા રીંછ બચ્ચાઓને છૂપાવીને રાખે છે.

(C) નર રીંછ નવજાત બચ્ચાંઓને મારી નાખે છે.

(D) બચ્ચાંઓને કુટુંબના વડાને મળતા રોકવા માટે

---

ફકરોવાંચીનેપ્રશ્નોનાજવાબઆપો.

શિયાળો શરૂ થયો. ધીમે ધીમે ઠંડી વધવા માંડી. ખટપટને ઠંડી લાગે એટલે એ એક ડાળથી બીજી ડાળે ફરતો જાય, એક છાપરા પરથી બીજા છાપરા પર કૂદતો જાયને ઠંડી ભગાડતો જાય. ખટપટે એક ઘર પાસે અચરજ જોયું. થોડા માણસો ભેગા થઈ લાકડાં સળગાવીને બેઠા હતા. તેઓ લાલલાલ અંગારા પાસે હાથ રાખતા હતા ને ગાલ પર મૂકતા હતા. ''આહા! મળી ગઈ ઠંડી ભગાડવાની રીત.'' ખટપટે કૂદકા માર્યા. તેણે ખેતરોમાં ફરીફરીને લાલ મરચાં ભેગાં કર્યાં. ઝાડ નીચે ઢગલો કર્યો. હૂપાહૂપ કરી દોસ્તોને બોલાવ્યા. બધાં ભેગાં મળી ઠંડી ભગાડવા બેઠા.

97) ખટપટ કોણ છે?

(A) વાંદરો (B) કૂકડો (C) છોકરો (D) પોપટ

---

98) ખટપટને ઠંડીભગાડવાની કઈ રીત મળી ગઈ?

(A) એક છાપરા પરથી બીજા છાપરા પર કૂદાકૂદ કરીને

(B) લાલ વસ્તુના ઢગલા પાસે હાથ રાખીને બેસવાથી

(C) લાલ લાલ અંગારા પાસે બેસીને હાથ રાખી ગાલ પર મૂકવાની

(D) ગાલ પર હાથ રાખીને

---

99) ખટપટે લાલ મરચાં ક્યાંથી ભેગા કર્યા હશે?

(A) ઘેર ઘેર ફરીને (B) જાડે જાડે ફરીને (C) માણસો પાસેથી (D) ખેતરોમાં ફરીને

---

100) ખટપટ અને તેના દોસ્તો કેવી રીતે ઠંડી ભગાડતા હતા?

(A) એક ડાળથી બીજી ડાળ પર કૂદીને

(B) એક છાપરા પરથી બીજા છાપરા પર કૂદકા મારીને

(C) લાકડા સળગાવીને

(D) લાલ મરચાંના ઢગલાની ફરતે બેસીને.

---

101) ખટપટે એક ઘર પાસે નવાઈ જેવું જોયું. (લીટી દોરેલા શબ્દના સ્થાને ફકરામાં વપરાયેલ શબ્દ કયો છે?)

(A) કુંટુંબ (B) હેરત (C) અચરજ (D) આશ્ચર્ય

ફકરો વાંચીને પ્રશ્નોના જવાબ આપો.

સુઘરી કહે, ‘‘પણ ઘર હોય તો ઓછી ઠંડી લાગે. હું તો કહું છું કે તમેય તમારું ઘર બનાવી લો ને! ઉનાળામાં ગરમી ઓછી લાગશે ને ચોમાસામાં વરસાદથીય બચી શકાશે. હું સરસ ઘર બનાવું છું એટલે તો મને સુઘરી કહે છે ને તમે મારા મિત્ર થઈને ઘર બનાવતા નથી?’’ ખટખટને થયું, આ નાનકડી સુઘરી મને સલાહ આપવા નીકળી છે!

102) સુઘરી માટે યોગ્ય વિધાન શોધો.

(A) સુંદર માળો બનાવનાર પક્ષી છે.
(B) ખટપટને ઘર બનાવી આપે છે.
(C) પોતાના ઘરમાં ખટપટને બેસાડે છે.
(D) ખટપટની મિત્ર નથી.

103) સુંદર માળો બનાવનાર બીજું પક્ષી કયું?

(A) ચકલી (B) કબૂતર (C) કોયલ (D) દરજીડો

104) ઉદાહરણ મુજબ જવાબ આપો.
માણસ : ઘર :: સુઘરી : ...?...

(A) ઘર (B) માળો (C) દર (D) ઝાડ

105) સુઘરી એટલે

(A) સારું ઘર
(B) સ્વચ્છ ઘર
(C) સરસ ઘર બનાવનાર
(D) સીધો ઘર

106) અલગ પડતું જૂથ કયું?

107)
(A) ટોપી, સ્વેટર, મફલર, બદામપાક
(B) ઝીણો, ઝભ્ભો, પંખો, ફુવારો, શેરડીનોરસ
(C) રેઇનકોટ, સ્વેટર, પંખો, મેથીના ગોટા
(D) છત્રી, રેઇનકોટ, જીવજંતુ, લીલીછમ ધરતી

108) લાગુ પડતો શબ્દ શોધો.
પરસેવે રેબઝેબ : ઉનાળો :: ......?...... :થરથર ધ્રૂજારી

(A) ચોમાસુ (B) શિયાળો (C) વસંત (D) વર્ષા

109) આખરે થાકીને સુઘરીએ વાંદરાઓની ---------- કરવાની છોડી દીધી.

(A) કદર (B) ફિકર (C) વાત (D) ભલામણ

110) સરખા અર્થવાળું વાક્ય શોધો. (આકાશમાંથી આગ વરસી રહી છે.)

(A) આકાશમાંથી ખૂબ પાણી વરસે છે.
(B) આકાશમાં આગ લાગી છે.
(C) ખૂબ તાપ લાગે છે.
(D) પરસેવે રેબઝેબ થઈ ગયા છે.

111) ઋતુઓળખો.

સળગાવીને લાકડા તાપણું કરે માંકડા.

(A) ચોમાસુ (B) ઉનાળો (C) પાનખર (D) શિયાળો

112) જાણે મોટો કારીગર,

ગૂંથી ગૂંથી બનાવે ઘર,

એવું પક્ષી કયું વળી?

ડાળે લટકે જેનું ઘર.

(A) કબૂતર (B) ચકલી <u>(C) સુઘરી</u> (D) કોયલ

113) ગુલાબી ઠંડી હતી. પવન ધીમે ધીમે વાતો હતો. કૂકડો કૂકડે કૂક કરતો હતો. તે વખતે કેટલાંક વાદળાંને આકાશમાં ફરવા નીકળવાનું મન થયું. એક નાનું વાદળું બોલ્યું : ‘‘આ રાત અહીંથી જાય તો અંધારું મટે. આપણે સારાં સારાં કપડાં પહેરી ફરવા જઈએ ને ગમ્મત કરીએ. એક મોટા વાદળાએ દીવો સળગાવ્યો. બધાં વાદળાંએ કપડાં પહેરવાં માંડ્યાં. રાતાં, પીળાં, ગુલાબી, જાંબલી-એમ રંગબેરંગી કપડાં પહેરીને વાદળાં ફરવા નીકળ્યાં. નીચેથી લોકો કહેવા લાગ્યા કે સૂર્યોદય થાય છે.

સૂર્યોદય કયા સમયે થાય છે?

(A) સમી સાંજ (B) વહેલી પરોઢ (C) બપોર (D) <u>સવાર</u>

114) "આ રાત અહીંથી જાય તો અંધારું મટે " નાના વાદળે એવું કહ્યું કારણકે—--

(A) જલ્દી જલ્દી સવાર પડે.

(B) <u>એને સારા સારા કપડા પહેરીને ફરવા જવું હતું.</u>

(C) રાતનું અંધારું એને ગમતું ન હતું.

(D) મોટું વાદળ જલ્દીથી દીવો સળગાવે.

115) વાદળાએ દીવો સળગાવ્યો એટલે —-----

(A) સવાર પડી

(B) સૂરજ ઉગ્યો

(C) મોટો દીવો પ્રગટાવ્યો

(D) રાતનું અંધારું દૂર થયું.

116) રાતા પીળા ગુલાબી જાંબલી એમ રંગબેરંગી કપડા પહેરીને વાદળા ફરવા નીકળ્યા એટલે —--

(A) સૂર્યોદય થતા સૂર્યપ્રકાશથી વાદળા રંગીન બની ગયા છે.

(B) <u>નાના-મોટા વાદળાઓએ રંગીન કપડા પહેર્યા છે.</u>

(C) રંગીન વાદળો આકાશમાં દોડી રહ્યા છે.

(D) મોટા વાદળાએ દીવો સળગાવીને નાના વાદળોને કપડાં પહેરાવ્યા છે.

117) ઉદાહરણ મુજબ સાચો શબ્દ શોધો.

કૂકડો : કુકડા :: વાદળ : ...?....

(A) વાદળી (B) વાદળીયા (C) વાદળુ (D) <u>વાદળા</u>

| | | | | |
|---|---|---|---|---|
| 118) | રીમઝીમ રીમઝીમ વરસી ફોરા ધરતી પર તો આવ્યા છે આ પંક્તિમાં ફોરા એટલે —-- | | | |
| | (A) પાંદડા | (B) ફુલડા | (C) મેઘધનુષ્ય | (D) વરસાદના ટીપા |
| 119) | ઉદાહરણ મુજબ સાચો શબ્દ શોધો.<br>ઝાંઝરીયું - ઝાંઝર તો વાદળીયું -? | | | |
| | (A) વાદળી | (B) વાદળીયા | (C) વાદળ | (D) વાદળુ |
| 120) | ટબુકલા એટલે —----- | | | |
| | (A) નાનકડા | (B) ટચૂકડા | (C) સાવ નાના | (D) ઝીણા |
| 121) | આપેલા વાક્યનો સાચો અર્થ દર્શાવતું વાક્ય શોધો.<br>વાદળા પવનની ગાડીમાં બેસી દોડવા લાગ્યા. | | | |
| | (A) પવનના ધકકાથી વાદળ ઝડપથી ખસતા હતા.<br>(B) વાદળા આકાશમાં દોડતા હતા. | | (C) વાદળા ગાડીમાં બેસીને જતા હતા.<br>(D) પવનની ગાડી ખૂબ જ ઝડપથી ચાલતી હતી. | |
| 122) | પંક્તિઓ વાંચી પ્રશ્નોના જવાબ આપો.<br>થાય મને કે દોડી દોડી<br>આંગણમાં જઈ આવું હું<br>સાવ ટબુકલા એ ફોરાંને<br>ખોબામાં લઈ આવું હું જવાબ આંગણમાં જઈ આવું હું. આ પંક્તિ જવાબમાં આવે તેવો પ્રશ્ન નીચેનામાંથી કયો છે? | | | |
| | (A) દોડીને ક્યાં જઈ આવવાની વાત છે?<br>(B) દોડીને કેમ જવાની વાત છે? | | (C) કેવા ફોરાની વાત કરવામાં આવી છે?<br>(D) શેમાં લઇ આવવાના છે? | |
| 124) | એકથી વધારે વસ્તુઓ દર્શાવતું વાક્ય શોધો. | | | |
| | (A) ઝાડ પર પક્ષી બેઠું છે.<br>(B) રાજા હાથીની ઉપર અંબાડીમાં બેઠા છે. | | (C) પોપટને લીલા મરચા ભાવે છે.<br>(D) ગામમાં અમારી શાળા સુંદર છે. | |
| 125) | એકથી વધારે વસ્તુઓ દર્શાવતા વાક્યો જણાવો.<br>(1) મેં તળાવમાં બતક જોયા.<br>(2) વિદ્યાર્થીઓએ કાળા બુટ પહેર્યા છે.<br>(3) મેં તળાવમાં બતક જોયું.<br>(4) તળાવમાં સફેદ કમળ ખીલ્યા હતા.<br>(5) તમને લાલ ગુલાબ ગમે છે. | | | |
| | (A) 1, 3 , 4 | (B) 2, 3, 4 | (C) 3, 4, 5 | (D) 1, 2, 4 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 126) | પતંગિયા, વાદળીયા, જેવો સરખા પ્રાસવાળો શબ્દ શોધો. | | | | |
| | (A) ફુલડા | (B) ડુંગરા | (C) ગલુડિયા | (D) પાંદડા | |
| 127) | **જુદાં-જુદાં** પાન પર **ભાંખોડિયા** ભરતી ઇયળો એટલે --- | | | | |
| | (A) પાંદડા પર ઇયળો બેઠી હતી. | | (C) પાંદડા પર ઇયળો દોડતી હતી. | | |
| | (B) પાંદડા પર ઇયળો ધીમે ધીમે ચાલતી હતી. | | (D) પાંદડા પર ઇયળો રમતી હતી. | | |
| 128) | **પાંદડાં પર નાનાં નાનાં કાણાં હતાં.** કારણકે....... | | | | |
| | (A) પાંદડામાં રોગ લાગ્યો હતો | | (C) ઇયળો પાંદડા ખાઈ ગઈ હતી. | | |
| | (B) પાંદડા સુકાઈ ગયા હતા. | | (D) પાંદડા પર ઈયળોએ ઈંડા મૂક્યા હતા. | | |
| 129) | બીજી સવારે પાંદડા પર ઈંડા ન હતા કારણકે........ | | | | |
| | (A) ઈંડામાંથી પતંગિયા બનીને ઉડી ગયા હતા. | | | | |
| 130) | (B) ઈંડામાંથી ઝીણી ઝીણી ઇયળો બની ગઈ હતી. | | | | |
| | (C) પતંગિયા ઈંડાને ખાઈ ગયા હતા. | | | | |
| | (D) ઈંડા પાંદડા પરથી નીચે પડી ગયા હતા. | | | | |
| 131) | **કૂણાં** પાંદડા એટલે—---- | | | | |
| | (A) નાના પાંદડા | (B) ઉગતા નવા | (C) તાજા પાંદડા | (D) લીલા પાંદડા | |
| 132) | 'મો ખુલ્લું રહી જવું એટલે —---- | | | | |
| | (A) મો બંધ ના થવું | (B) નવાઈ લાગવી | (C) મોમાં દુખાવો થવો | (D) મોમાં સોજો આવવો | |
| 134) | સાચી બાબત શોધો. | | | | |
| | (A) પતંગિયું કોશેટો — ઈંડુ —ઈયળ | | (C) ઈંડુ—ઇયળ—કોશેટો—પતંગિયું | | |
| | (B) ઈંડુ—પતંગિયું—કોશેટો—ઈયળ | | (D) પતંગિયું—ઈંડુ—ઇયળ—કોશેટો | | |
| 135) | 'પાંદડું 'નો સમાનાર્થી શબ્દ ન હોય તેવો શબ્દ જણાવો. | | | | |
| | (A) પાન | (B) પત્તુ | (C) પર્વ | (D) પર્ણ | |
| 136) | બીજી સવારે **ઊઠતાંવેંત** બંને મીઠા લીમડા પાસે પહોંચ્યા. આ વાક્યમાં સ્થળ દર્શાવતા શબ્દો કયા છે? | | | | |
| | (A) બીજી સવારે | (B) બંને મીઠા | (C) લીમડા પાસે | (D) પાસે પહોંચ્યા | |

| | |
|---|---|
| 137) | સાચા જોડકાં શોધો.<br><br>1.ફરકવું 1. ફરકાવવું<br>2.મરકવું 2.હસવું<br>3. છોડાવવું 3. છટકી જવું<br>4.સરકવું 4.સાથે જવું<br><br>(A) 1 (B) <u>2</u> (C) 3 (D) 4 |
| 138) | જવાબ પરથી સાચો પ્રશ્ન શબ્દ આપો.<br>પ્રશ્ન- જીવજંતુનો ડર —-------- લાગે છે? જવાબ- રૂપલની બહેનને<br>(A) કોનો (B) કોનું (C) કોણે (D) <u>કોને</u> |
| 139) | દિવ્યેશે <u>દિવ્યેશ</u>ના ભાઈબંધને બોલાવ્યો.<br>(લીટી દોરેલા શબ્દના સ્થાને યોગ્ય શબ્દ મૂકો.)<br>(A) <u>તેના</u> (B) તેમના (C) તેણે (D) તેને |
| 140) | અલગ પડતો શબ્દ શોધો.<br>(A) પતંગિયું (B) ભમરો (C) માખી (D) <u>કાબર</u> |
| 141) | બધા બાળકો પ્રાર્થનામાં હારબંધ બેસી ગયા આ વાક્ય પરથી 'ફૂલોની હાર' એટલે<br>(A) ફૂલોનો હાર (B) <u>ફૂલોની લાઇન</u> (C) હારી ગયેલા ફૂલો (D) ફૂલોની ઢગલી |
| 142) | ફકરો વાંચીને પ્રશ્નોના જવાબ આપો.<br>એક જંગલ હતું. તેમાં જાતજાતના પક્ષીઓ અને પ્રાણીઓ રહે. એક દિવસ એક નદી કિનારે એક શિયાળ પાણી પીવા આવ્યું ત્યાંથી એક સિંહ પસાર થયો. તેણે શિયાળને જોયુ. હવે બંને ત્યાં દરરોજ મળવા લાગ્યા. અને સરસ મજાની વાતો કરવા લાગ્યા આમ બંને સારા દોસ્ત બની ગયા.<br>જંગલમાં રહેતા પ્રાણીઓ પાણી પીવા ક્યાં જતા હતા?<br>(A) તળાવ કિનારે (B) <u>નદી કિનારે</u> (C) જંગલમાં (D) ઝરણાકાંઠે |
| 143) | સિંહ અને શિયાળ દરરોજ મળવા લાગ્યા કારણ કે ...<br>(A) તેઓ સાથે જ પાણી પીવા જતા<br>(B) શિયાળને સિંહ સાથે વાતો કરવાની મજા આવતી હતી.<br>(C) <u>બંને વચ્ચે દોસ્તી થઈ ગઈ હતી.</u><br>(D) નદી કિનારે પસાર થતો હતો. |

| | |
|---|---|
| 144) | સરખો અર્થ ધરાવતું વાક્ય શોધો.<br>ત્યાંથી એક સિંહ પસાર થયો<br><br>(A) જંગલમાંથી સિંહ પસાર થયો<br>(B) નદી કિનારેથી પસાર થતાં સિંહને શિયાળે જોયો<br>(C) શિયાળ પસાર થયું.<br>(D) જંગલમાંથી સિંહ પસાર થયો શિયાળે સિંહને જોયો. |
| 145) | મમ્મીની સાડીના પાલવમાં પાંચ ફૂલોનું ઝૂમખું છે. આખા પાલવમાં આવી વીસ ડિઝાઇન છે. અહીં પાંચ ફૂલોનું ઝૂમખું એટલે........<br>(A) પાંચ ફૂલોનો ઢગલો (C) ઝૂમખામાં રહેલા પાંચ ફૂલ<br>(B) પાંચ ફૂલોના ઝૂમખાનું ચિત્ર (D) પાંચ ફૂલોના ઝૂમખાની છાપ |
| 146) | સાચું વાક્ય શોધો.<br>(A) ગુલાબી ઢીંગલીએ પહેર્યું છે ફ્રોક. (C) ઢીંગલીએ ગુલાબી ફ્રોક પહેર્યું છે.<br>(B) ફ્રોક ગુલાબી પહેર્યું છે ઢીંગલીએ. (D) પહેર્યું છે ફ્રોક ઢીંગલીએ ગુલાબી |
| 147) | સુસ્મિતા નવી ઢીંગલી લાવી છે. આ વાક્યમાં ઢીંગલી વિશે વધારાની માહિતી આપતો શબ્દ શોધો.<br>(A) સુસ્મિતા (B) નવી (C) લાવી (D) ઢીંગલી |
| 148) | ફકરો વાંચીને પ્રશ્નોના જવાબ આપો.<br>જોવા જેવો મામલો હતો! ઝનૂની માદા રીંછે પહેલવાનની ઉપર હુમલો કર્યો અને તેને એકદમ ઢીબી નાખ્યો. પહેલવાન પીછેહઠ કરીને લાચાર દશામાં માથું બચાવતો ખાઈને દૂરને છેડે ચાલ્યો ગયો.આખરે ધાબડ ધીંગીએ તેનો છાલ છોડ્યો ત્યારે તે એક કલાકથીએ વધારે વખત પાણીમાં જ રહ્યો, ધાબડ ધીંગીની બીકે તેની બહાર નીકળવાની હિંમત જ ન થઈ. ઝનૂને ભરાયેલી ધાબડ ધીંગી ખાઈને કાંઠે આંટા મારતી હતી.<br>આ ફકરામાં ખાઈ શબ્દનો ઉપયોગ થયેલ છે. તો ખાઈ એટલે .....<br>(A) ખાવું (B) કૂવા જેવી જગ્યા (C) ઊંડોખાડો (D) ઊંડીખીણ |
| 149) | પહેલવાને પીછેહઠ કરી એટલે....<br>(A) પહેલવાન પાછો જતો રહ્યો. (C) પહેલવાનએ પાછા જવાની હઠ કરી.<br>(B) પહેલવાન હારી ગયો. (D) પહેલવાન થોડું પાછળ ખસ્યો. |
| 150) | ઝનૂને ભરાયેલી ધાબડધીંગી એટલે........<br>(A) ડરી ગયેલી ધાબડધીંગી (C) ખૂબ જ ગુસ્સે થયેલી ધાબડધીંગી<br>(B) હિંમતવાળી ધાબડધીંગી (D) મરવા તૈયાર થયેલી ધાબડધીંગી |

151) સમગ્ર ફકરામાં જોઈ શકાય છે ....

(A) પહેલવાનની લાચારી

(B) પહેલવાનની તાકાત

(C) પોતાના બચ્ચાઓના દુશ્મન પ્રત્યેનો એક માનો ગુસ્સો અને ઝનૂન

(D) નર અને માદા રીંછ વચ્ચેની હરીફાઈ

152) પીછેહઠ કોણ કરે છે?

(A) પહેલવાન

(B) રીંછ

(C) ધાબડધીંગી

(D) ધાબડધીંગીના બચ્ચાઓનો બાપ

153) જોડકાની સાચી ગોઠવણી કઈ છે?

| અ | બ |
|---|---|
| (1) જે સંતાઈને આવતો કે જતો હોયતે - | (ક) -કૌટુંબીક |
| (2) જે શાળાને લગતું હોય તે - | (ખ) -રાડારાડી |
| (3) એક કરતાં વધુ બૂમો પાડ્યા કરવી તે - | (ગ) -લપાતોછુપાતો |
| (4) જે કુટુંબને લગતું હોય તે - | (ઘ) શાળાકીય |

| (A) | (B) | (C) | (D) |
|---|---|---|---|
| 1- ક | 1-ગ | 1-ખ | 1 -ઘ |
| 2- ખ | 2- ઘ | 2-ઘ | 2-ક |
| 3- ગ | 3-ખ | 3-ક | 3-ખ |
| 4-ઘ | 4-ક | 4-ખ | 4-ગ |

154) ઉદાહરણ મુજબ જવાબ આપો.

ક્રોધી, ખૂંખાર, ઝઘડાખોર .... સ્વભાવ

બખોલ, ખાઈ, ખાડો .... રહેઠાણ

માતા, પિતા, બાળકો........?

(A) સંબંધ (B) ઘર (C) કુટુંબ (D) માણસ

155) વાક્યનો અર્થ સમજીને યોગ્ય શબ્દ આપો.

અપરાધી બાપને ધાબડધીંગીએ જબરો ઢીબી નાખ્યો હતો.

(A) બચાવ (B) સજા (C) મદદ (D) પીછેહઠ

156) વાક્યનો અર્થ સમજીને યોગ્ય શબ્દ આપો.

પહેલવાન માર સહન કરવા પંજા વડે મોં ઢાંકી દે છે.

(A) પીછેહઠ (B) મદદ (C) બચાવ (D) ગુસ્સો

| | | |
|---|---|---|
| 157) | વાક્યનો અર્થ સમજીને યોગ્ય શબ્દઆપો.<br>સફાળી જાગી ગયેલી માએ ઠેકડો મારીને સીધું પાણીમાં ઝંપલાવ્યું અને એમારકણાને ધોઈ નાખ્યો.<br><br>(A) સાવચેતી (B) બહાદુરી (C) નફરત (D) નીડરતા |
| 158) | ઉદાહરણ મુજબ જવાબ આપો.<br>પતંગ, બોર, સ્વેટર ...... શિયાળો<br>મટકી, ઠંડુખાવું, રેઈનકોટ.....?<br><br>(A) ઉનાળો (B) વસંત (C) શરદ (D) વર્ષા |
| 159) | "મારે ઘેર પધારો રાણા! રાખો મારું કહેણ.<br>(લીટી દોરેલ શબ્દનો સરખો અર્થ ધરાવતો શબ્દ શોધો.)<br><br>(A) કહેવું (B) વચન (C) આમંત્રણ (D) બોલવું |